



# શોર્ટ્સને નવું રૂપ આપતા શીખો

આ વિડિયોમાં તમે તમારા જુના ડેનિમ્સમાંથી સરસ મજાના શોર્ટ્સ બનાવવાનું શીખશો.










આ માટે તમને જોઈશે એક જૂનું, ઘસીને વાપરેલું જીન્સ, બે સરખી લંબાઈના લેશના ટુકડા અને થોડીક બીડેડ પિન્સ.

લેશના ટુકડાનો પેચ બનાવવા માટે તેને શોર્ટ્સના એક બાજુના સાંધા પર ચત્તી બાજુ ઉપર આવે તેમ ગોઠવો.

પેચ હલે નહીં તે માટે તેને બીડેડ પિન્સ મારીને રાખો.

આ જ રીતે શોર્ટ્સની બીજી બાજુએ પણ સાંધા પર પેચ મુકો.

હવે તમારા ઉષા જેનોમિ સોઈંગ મશીન પર રાખો.

મશીન ચાલુ કરો, પેટર્ન સિલેક્ટર B અને C ની વચ્ચે રાખો અને સ્ટિચ લેન્થ 1 પર રાખો.

આ સેટિંગથી કપડાં પર લેશ બરાબર ટકશે.

એક્સ્ટેંશન ટેબલ કાઢો જેથી તેના હાથનો તમે યુઝ કરી શકો.

શોર્ટ્સના એક પાયઝાને લેશ મુકેલો ભાગને પ્રેશર ફુટ નીચે તેનો છેડો ગોઠવી મુકો.

પ્રેશર ફુટ કાળજીપૂર્વક નીચું કરો, અને લેશન બીજા છેડા સુધી સીવી લો.

લેશનો પેચ સીવતી વખતે તેના આકાર પ્રમાણે ફેરવવાની કાળજી લો.

અને હા, જેમ-જેમ સીવો તેમ-તેમ પિન્સ કાઢવાનું ભૂલતા નહીં.



જો કાપડને ફેરવતી વખતે જરૂર પડે તો પ્રેશર ફુટ ઊંચકો, પણ સોય ઊંચક્યા વગર.
એક્સ્ટેન્શનનો હથ્થો તમને આવી રીતે કપડાને સોય નીચે ફેરવવા બહુ જ ઉપયોગી પડે છે.
જયારે તમારું સીવવાનું પૂરું થાય ત્યારે પ્રેશર ફુટ ઊંચકો અને શોટ્ર્સ કાઢો.
વધારાના દોરા કાપી લો.
આ જ રીતે શોટ્ર્સના બીજા પાયચા પર પણ પેચ મુકો અને સીવી લો.
વાહ!, તમારું પોતાનું ડિઝાઈનર શોર્ટ તૈયાર છે.

